અવસાન પામેલ પેન્શનરને મળવાપાત્ર
તફાવતની રકમ તેમના વારસદારને એક
હપ્તામાં રોકડમાં ચૂકવવા બાબત.

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

બ્લોક નં. ૧૭, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
પરિપત્ર નં. હિતિનિ/ટીસી/ફા.૧૩૪/૨૦૧૦/૬૧૩૪-૬૧૬૦
તા. ૨૯/૯/૨૦૧૦

### પરિપત્ર નં. ૧૭ / ૨૦૧૦

આથી રાજયના શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ તથા પેન્શન ચૂકવણા અમદાવાદને નાણાં વિભાગના તા. ૫/૧૦/૦૯ ના ઠરાવ ક્રમાંકઃ પગર/૧૦૦૯/૨૯/પગાર એકમ/(મ) તરફ ધ્યાન દોરતાં જણાવવામાં આવે છે કે

- ઉકત ઠરાવમાં થયેલ જોગવાઈ મુજબ ઘણા જિલ્લાઓમાંથી પેન્શનર ના વારસદારોને એરીયર્સની રકમ એક હપ્તામાં ન ચૂકવતાં પાંચ હપ્તામાં ચૂકવવા બાબતે અત્રે રજૂઆતો આવેલ છે. આથી સદર બાબતે નીચે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

- પેન્શનર દ્વારા નોમીનેશન કરવામાં આવેલ હોય તો નોમીનીને અથવા વારસદાર દ્વારા વારસાઈ પ્રમાણપત્ર રજુ કરવામાં આવે તો વારસદારને તફાવતની ચૂકવવાપાત્ર રકમ એકજ હપ્તે ચૂકવવાની રહેશે.

- પેન્શનરના અવસાન બાદ ઉકત વિગતો ઉપલબ્ધ ન થાય પરંતુ કુટુંબ પેન્શન મંજુર કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં કુટુંબ પેન્શનરને એક જ હપ્તામાં એરીયર્સની રકમ ચૂકવવા વારસાઈ પ્રમાણપત્ર રજુ કરવા વિગતવાર પ્રત્યુતર પાઠવવો કે જેથી અત્રે ફરિયાદને અવકાશ ન રહે.

નિયામક

પ્રતિ,
૧.શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી .........
૨.તિજોરી અધિકારીશ્રી પેન્શન ચૂકવણાં કચેરી, અમદાવાદ
૩.નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી ગાંધીનગર

E:\PB\NBC\134.doc643